# એક સંયુક્ત ગીત

## પૂર્વભૂમિકા

અનિલ (૬-૧૦-૮૫ના દિવસે) અમરેલી આવ્યો, લગભગ વીસ વરસ પછી, અમે એક દિવસમાં વીસ વરસ પહેલાંના સમયને જીવવા બાથોડિયાં માર્યાં. રેલવે સ્ટેશન પાસે એક ઝાડ નીચે બાંકડો હતો ત્યાં અમે કાયમ બેસતા. બાંકડો ને ઝાડ અમારાં સુખ કરતાંય વધુ દુઃખનાં સાથી હતાં. વીસ વરસ પછી જોવા ગયા તો બાંકડાનું નામનિશાન નથી. ઝાડ સાવ સુકાંઈ ગયું છે...

ભાવવિભોર અનિલે કહ્યું–આપણે એક સંયુક્ત ગીત લખ્યાને વીસ વરસ થવા આવ્યાં. એના ઉપલક્ષ્યમાં આ અધૂરું ગીત. લે, પૂરું કર.'

આજે આ ગીત પૂરું કર્યું. અગાઉ લખેલા સંયુક્ત ગીત 'ડેલીએથી પાછા મ વળજો, હો શ્યામ, મેં તો ઠાલાં દીધાં છે મારાં બારણાં' શ્રી હરીન્દ્ર દવેના સંપાદન તળે ચાલતા 'સમર્પણ'માં છપાયું હતું. આજે એ સામયિક 'નવનીત-સમર્પણ' બન્યું છે. ફેરફાર માત્ર આટલો જ થયો છે?

વીતેલાં વરસોએ મને થોડા રૂપેરી વાળની ભેટ આપી છે, લો, અમે આવી ગયા. મહાયાત્રાની તૈયારી કરો!" એ આદેશ કહેતા, કાનમાં ઝૂકેલા, કાનપટ્ટી પાસે સફેદ વાળ ઉગાડ્યા છે, ચશ્માંના ગ્લાસ જાડા બનાવ્યા છે, ઝીણીઝીણી અસંખ્ય મુગ્ધતાઓ છીનવી લીધી છે, જે કંઈ છીનવાઈ ગયું છે વીસ વરસોમાં તે માટે સમયને માફ કરી દેવાની વૃત્તિય જન્માવી છે. અનિલ ને રમેશની આંખો વચ્ચે મુંબઈ-અમરેલીનો પાંચસો માઈલનો પટ્ટો પાથરી દીધો છે.

અધૂરા ગીતને ટેકે વીસ વરસ પાછા પગે ચાલવાના મારા પ્રયત્નો દુઃખદ છતાં અનુભવ સુખદ રહ્યા...

શરૂઆતની ચાર લીટીઓ અનિલની, ત્યાર બાદ આગળ વધતી કડીઓ મને સૂઝી.

*રમેશ પારેખ (તા. ૨૮-૧૧-'૮૫)*

ચોકમાં જામ્યા રાસડે હું તો એટલું બધું ભાન રે ભૂલી ગઈ,
કે ફળિયે બાંધી ગાય અચાનક ઢોલનું ઝીણું ચામડું બની ગઈ.

ચાંચમાં જેટલું જળ સમાયું એટલું લઈ ચકલી ઊડી ઝાડવે બેઠી જેમ,
રાસમાં જેટલી તાળિયું મળી એટલી લઈ હુંય રે છાની ઉંબરે બેઠી એમ.
તાળિયું કેવળ ખડનો પૂળો હોત તો છૂટી જાત હું એને છાપરે ફેંકી દઈ....

ગીત ગળામાં, પગમાં ઝાંઝર, રાતનો ગજર, ચોકમાં હજી રાસડે ઘૂમે ગામ,
પાંખ વિનાની ચકલી ઉપર કેટલા ઓરા, કેટલાં ઝાઝાં આભ તોળાતાં આમ!
ઢોલને ઝીણે ચામડે ચાંદો સાંભળી મારી કેટલી પૂનમ તોછડી તૂટી ગઈ...

*અનિલ જોશી / રમેશ પારેખ*

## એક સવારે

એક સવારે ઝીણકી કીડી ઝાડવું તાણી ગઈ.
પાંદડાં જેવા પાંદડાંથીયે વાત અજાણી રઈ.

જંગલની ધૂળ બધી ધ્રૂજી ઊઠીને ધ્રૂજ્યા આવળછવાયા વળાંક રે
કાળા મંકોડાભરી ડાળખીની હાર્યે આખું જંગલ તણાઈ ગયું ક્યાંક રે
ક્યાંકના દેશે પોગતાં મારી ભૂખરી વાણી ગઈ
એક સવારે ઝીણકી કીડી ઝાડવું તાણી ગઈ.

મૂળસોતાં ઊખડેલાં ઝાડવાંના ખાડામાં ખંખેર્યાં બીજ નથી ઊગતાં રે
ઝાડમાંથી લાકડું બનેલી અહલ્યા સુધી વનવાસી હાથ નથી પૂગતા રે
શબ્દોની જુવાર વાવતાં તડતડ ધાણી થઈ
એક સવારે ઝીણકી કીડી ઝાડવું તાણી ગઈ.

## એક સાંજે

મારી છત્રીનો કાગડો
કાઉકાઉકાઉ બોલી ઊઠ્યો.
પીપળા જેવો હું
ધ્રૂજી ગયો.
મહેમાન થઈને ચાંદરણું આવ્યું
બેઠું
સરક્યું
ને ચાલ્યું.
હું એકલો પડી ગયો.
હું ખોટો પડું એટલી હદ સુધી
સાચું બોલતો થઈ ગયો.
હવે હું દીવો નથી
પણ દીવો સળગાવતાં ઠરી ગયેલી
દીવાસળીની ટોચ ઉપર પડેલું અંધારું છું.
હવે હું ઈસુ નથી
પણ ક્રૉસ છું
જેના પર માણસજાત
પોતાની તમામ ભૂલો ટિંગાડી શકે છે.

## એટલી મારી ભૂલ છે!

અમારા ભાગમાં એલચીનાં ઝાડ છે.
આરસના પહાડ છે
ઊંચા ઊંચા તાડ છે
એમાં તારો ભાગ છે
મેં બોલાવી કેમ નો આવી?
એટલી તારી ભૂલ છે.

અમારા ભાગમાં મારગની ધૂળ છે.
બાવળના શૂળ છે
આભલગાં મૂળ છે
એમાં તારો ભાગ છે
મેં બોલાવી કેમ નો આવી?
એટલી તારી ભૂલ છે.

કેસરનાં ખેતર
બોલતાં તેતર
કાબરની ચાંચમાં બોલતી સીમ છે.
ઉગમણી દીમ છે
લીધેલાં નીમ છે
એમાં તારો ભાગ છે
મેં બોલાવી કેમ નો આવી?
એટલી તારી ભૂલ છે.

અમારા ભાગમાં ડુંગરનાં મૌન છે.
કપાયેલા ફોન છે
એમાં તારો ભાગ છે
મેં બોલાવી સાદ પાડીને
એટલી મારી ભૂલ છે.

## કન્યાવિદાય

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈડું સીંચતાં રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવથી ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.

## કદાચ

આભ-ઊડતી
કુંજડીઓની કતાર
ગણવા સમી જિંદગી
નહીં ખૂટે તો?

ઘરને ઉંબર
ઢળી પડેલા
સમી સાંજને તડકે
મારું ઝળહળ ઘર ને નેવાં,
ને –

અવરજવરતી કીડીઓની લંગાર
જોઈને
અગનથાંભલી
જઉં બાથમાં લેવા
કદાચ
મારી પરિસ્થિતિની અગનથાંભલી
તડાક દઈને નહીં તૂટે તો?

આભ-ઊડતી
કુંજડીઓની કતાર
ગણવા સમી જિંદગી
નહીં ખૂટે તો?

# કપ્પિલવસ્તુ

અચાનક કરમદીના ઢૂવા માથે તર્કાપત્તિ પડી
ઢોંગ ધતૂરા કરતી ભોળી સમજણને હું જડી

ઘરવખરીમાં હું જ હતી ને લઈને ઊપડ્યું ગાડું
ઘર વગરના ઘરની સામે ઊભો રે ઘરફાડુ
હડિયું જેની ટેવ હતી ઈ જર્રેય ના કોઈ ખસ્યું
વસ્તુ પાછળ અણોસરું રે ઝૂરે કપ્પિલવસ્તુ

એક વાહાના બોખાથી લઈ સાઠ વરસના બોખા
દાંત ઉપર પૃથ્વી ઊંચકવા નીકળ્યાં ખાલી ખોખાં
ઢાંઢા જેવડા થઈને સાજણ મચ્છર માફક મર્યા?
રોગ તમારા અવયવ જેવા અહીં ભોગવ્યા કર્યા?

ઘરમાં હતી એક રંગોળી ઈ સંજવારીમાં ગઈ?
સાવરણીની સળીઓમાંથી આપણી સળી કઈ?
ફૂંકથી જે ન ઊડી શકે ઈ વાચા જેવી ધૂળ?
પેટછૂટી દીકરીની માફક નીકળી છોડી કુળ?

કોકવાર તો ખોટું બોલો મોહન બકરીવાલા!
વાચામાં વીંઝાઈ રહ્યા છે જીવસોંસરા ભાલા.
ઠીકરી જેવું જ્ઞાન હવે તો ધીમે ધીમે ખસતું
શબ્દ વસે છે માત્ર વસ્તુમાં કોઈ બીજું નૈ વસતું

પથ્થરમાંથી છૂટા કરીએ ભાર અને હળવાશ
ૐકાર ને ઓડકારમાં ઊતરતી સરખાશ
અંધકારના પડછાયાને ગેરસમજથી સમજો
જેવા ગમતા રામ સીતાને એવા સૌને ગમજો.